Public Affairs Office
U.S. Consulate General, Mumbai

PRESS RELEASE

AMERICAN CENTER, 4 New Marine Lines, Mumbai 400 020
Tel: 91-22-2262-4590 Fax: 91-22-2262-6800
E-mail: MumbaiPublicAffairs@state.gov Web: http://mumbai.usconsulate.gov

સપ્ટેંબર ૪, ૨૦૦૯

અમદાવાદ સ્થિત અમેરિકન કૉર્નરની પાંચમી વર્ષગાંઠની ઉજવણી

મુંબઇ: અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન (એએમએ) ખાતે આવેલા અમેરિકન કૉર્નરની પાંચમી વર્ષગાંઠની ઉજવણીના ભાગરૂપ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે મુંબઇ સ્થિત અમેરિકન કૉન્સ્યુલેટના કાર્યકારી કોન્સુલ જનરલ ડેવિડ ટાયલર અને એએમએના અધ્યક્ષ શ્રી જનક પરીખ ની હાજરીમાં સપ્ટેંબર ૮, ૨૦૦૯ ના રોજ અમદાવાદ એએમએ ખાતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે . એએમએ ખાતે ૨૦૦૪ની સાલમાં અમેરકન કૉર્નર શરૂ કરવામાં આવ્યું હતુ.

"અમેરિકન કૉર્નર મુંબઇ સ્થિત અમેરિકન સેન્ટર ની વાચનસામગ્રી અમદાવાદના લોકો સુધી પહોંચાડવાનું કાર્ય કરે છે. પુસ્તકો, અને વિવિધ કાર્યક્રમો થકી અમેરિકન સરકાર અમેરિકા અને ભારતના પરસ્પર સંબંધોને માહિતી ની આપલે અને સંવાદ થકી વધુ પ્રોત્સાહન આપવા પ્રયત્નશીલ છે." એમ શ્રી ટાયલરે અમેરિકન કૉર્નર ની પાંચમી વર્ષગાંઠની ઉજવણીની પૂર્વસંધ્યાએ તેમની પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું.

સપ્ટેંબર ૭ થી ૯ એમ ત્રણ દિવસ ચાલનારા આ પાંચમાં વાર્ષિક ઉજવણી સમારોહ દરમ્યાન વિવિધ કાર્યક્રમોનું આયોજન મુંબઇ સ્થિત અમેરિકન સેન્ટર અને એએમએ ના નેજા હેઠડ કરવામાં આવ્યું છે. આ દરમ્યાન, ભારત-અમેરિકી સંબંધો, અમેરિકાની સ્વયંસેવા પ્રવૃત્તિઓ વિષે વ્યાખ્યાન જેવા અન્ય વિષયો ઉપર ચર્ચા સત્ર નું આયોજન પણ કરવામાં આવ્યું છે જેનો શુભારંભ ૭મી સપ્ટેંબરના રોજ શ્રી ટાયલર ના હસ્તે થશે.

ઉજવણીના કાર્યક્રમો પૈકી, આઠમી સપ્ટેંબર ના રોજ યોજાનાર 'KnowUSA' ક્વિઝ ખાસ આકર્ષણરૂપ બની રહેશે. આ ક્વિઝ નું આયોજન ઇન્ડ્કટોથર્મ ઇન્ડિયા પ્રા. લિ.ના સહયોગ વડે કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, અમેરિકામાં ઉપલબ્ધ ઉચ્ચ શિક્ષણના અવસરો વિષે એક દસ્તાવેજી ફ્લિમ નું આયોજન ઇન્ડો-અમેરિકન એજ્યુકેશન સોસાયટી ના સહયોગ દ્વારા કરવામાં આવ્યું છે. બધા કાર્યક્રમોમાં પ્રવેશ નિ:શુલ્ક હોઈ જનતા માટે ખુલ્લા છે.

અમેરિકી દૂતાવાસ અને એએમએ ની સંયુક્ત ભાગીદારીના ફલશ્રુત ભારતમાં સૌ પ્રથમ અમદાવાદ ખાતે શરૂ કરવામાં આવેલા આ અમેરિકન કૉર્નર એક સફળ પ્રયોગ પુરવાર થયો છે. અમેરિકન કૉર્નર અમદાવાદ ના રહેવાસીઓને અમેરિકા વિષે તાજી અને ચોક્કસ માહિતી જાણવાની એક અનોખી તક આપે છે. આ ઉપરાંત અહીંયા અમેરિકી નિષ્ણાતો દ્વારા વિવિધ કાર્યક્રમોનું તથા વિધાર્થીઓ માટે અમેરિકી ઉચ્ચ અભ્યાસ હેતુ માર્ગદર્શન સત્રનું પણ આયોજન કરવામાં આવે છે.

ગત પાંચ વર્ષ દરમ્યાન અમેરિકન કૉર્નર ના સદસ્યો, મુલાકાતીઓ અને કાર્યક્રમોમાં નોંધપાત્ર વધારો થયો છે. અમેરિકન કૉર્નરની લાઇબ્રેરીમાં ૧૦૦૦ થી વધારે પુસ્તકો, ૪૬ સામયિકો તેમજ ૨૦૦ જેટલી ડીવિડીઝ અને વીસીડીઝ નો સંગ્રહ છે. રોજ આશરે ૧૦૦ લોકો અમેરિકન કૉર્નર ની સેવાઓનો લાભ લે છે.

***

કાર્યક્રમોની ની વધુ વિગતો માટે આ સાથે સંલગ્ન કાર્યક્રમ પત્રક ની નોંધ લેવા વિનંતી. વધુ માહિતી માટે મીડિયા સલાહકાર કેતન વૈદ્ય નો ભ્રમણધ્વનિ નંબર ૦૯૭૭૩૨૪૯૯૦૦ પર સંપર્ક કરવો.